સે ક્ટર વૉચ

# ડાયમંડ ટ્રેડિંગમાં એક રૂપિયાની ટીક સાઈઝ સાથે ૩,૦૦૦ સેન્ટ સુધીના ઓર્ડર શક્ય

મુંબઇઃ ડાયમંડમાં ટૂંક સમયમાં જ શરૂ થનારા ફ્યુચર્સ ટ્રેડિંગમાં હેજિંગની સવલત પણ ઉપલબ્ધ બનશે, જે આ ઉદ્યોગ માટે એક નવી જ પહેલ છે. ઉદ્યોગમાં પહેલી જ વખત આ સવલત ઓફર કરનાર, રિલાયન્સ એડીજી એન્કર્ડ પ્લેટફોર્મ-ઇન્ડિયન કોમોડીટી એક્સચેન્જ લિમિટેડ (આઈસીઈએક્સ)એ એક્સચેન્જે જીએસટી અને અન્ય કર વિનાના ટ્રેડીંગ પ્રાઇસ માટેના તેમના ડિલિવરી સેન્ટર તરીકે સુરતને માન્યતા આપી છે. વેપાર અને ડિલિવરીની સુવિધા માટે સુજ્જ આ એક્સચેન્જ ઓગસ્ટના અંત સુધીમાં વાયદાનો વેપાર શરૂ કરવાનું આયોજન કરી રહ્યું છે.

આ મૂલ્ય શૃંખલાં નાના ખેલાડીઓને આકર્ષવા માટે છે. આ પ્રકારનો આ પહેલો હીરા વાયદાનો કોન્ટ્રાક્ટ હશે, જેમાં આઈસીઈએક્સ એક સેન્ટનું ફ્યુચર ટ્રેડીંગ અને ડિલિવરી (એક સેન્ટ એટલે બે મિલિગ્રામ એટલે કે કેરેટનું સોમું કણ) ને માન્યતા આપશે, જેમાં ડિલિવરી સેન્ટર સુરત હશે.

સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) દ્વારા મંજૂર કરાયેલા કોન્ટ્રાક્ટ સ્પષ્ટીકરણ મુજબ વેપારી દરેક સેન્ટના હીરાના વેપાર માટે એક રૂપિયાની મીનીમમ ટીક સાઇઝ સાથે વધુમાં વધુ ૩,૦૦૦ સેન્ટમાં ઓર્ડર કરવાની છૂટ આપશે. રફ આયાતકારો, બ્રોકર, સાઇટ હોલ્ડર્સ, ટ્રેડર્સ, પ્રોસેસર્સ, સપ્લાયર, સ્ટોકિસ્ટ અને જ્વેલરી ઉત્પાદક જેવા રિટેલર સહિત દરેક પ્રકારના વ્યાપારી એકમો આ મૂલ્ય શૃંખલામાં ભાગ લેવા આકર્ષાય, તે માટે એક્સચેન્જ, ટ્રેડીંગ અને ડિલિવરીનું કદ ઓછું રાખ્યું છે. આ નાના કોન્ટ્રાક્ટની યુએસપી (ખાસ વેચાણ ફોર્મ્યુલા) ૩,૫૦૦ રૂપિયા સુધીના નાનામાં નાના લોટ સાઇઝના રિટેલ ગ્રાહકને આકર્ષવાનું છે. આઈસીઈએક્સના સીઈઓ સંજીત પ્રસાદે જણાવ્યું હતું કે, આટલા નાના કોન્ટ્રાક્ટ માપ સાથે વિશ્વમાં કોઇ અન્ય ડાયમંડ વાયદા એક્સચેન્જ ન હોવાથી બધા રોકાણકારોને ભાવની અસ્થિરતાના અને ભાવ ઘટાડાના જોખમ સામે એક્સચેન્જમાં પોઝીશન લઈને તેમના કરારને સુરક્ષીત કરવાનો મોકો મળે છે. સુરત ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ દિનેશ નવાડિયાએ જણાવ્યું હતું કે, આઈસીઈએક્સના આરંભથી અમને ઘણું પ્રોત્સાહન મળ્યું છે, કારણ કે આવી સુવિધા દુનિયાભરમાં ક્યાંય ઉપલબ્ધ નથી. હીરાના ભાવો અસ્થિર હોવાથી હેજિંગની જરૂર હોય છે. એક્સચેન્જ વેપારી શૃંખલામાં વેપારીઓ અને વ્યક્તિઓના શિક્ષણ માટે સેમિનારનું આયોજન કરી રહ્યું છે. અમે એક્સચેન્જમાં ટ્રેડીંગ શરૂ કરવાની તક શોધી રહ્યા છીએ. ઘણાં હીરા ડિલર અને પ્રોસેસરોએ આઈસીઈએક્સનું સભ્યપદ લીધું છે અને ઘણાં લોકો હજી પણ આઈસીઈએક્સનું સભ્યપદ લઈ રહ્યા છે. ■